પ્રભુ શ્રી રામ ફક્ત ધાર્મિક પ્રતીક જ નથી પરંતુ રાજકીય વ્યવસ્થાનું પણ પ્રતીક છે. માટે જ ગાંધીજીએ રામ રાજ્યની કલ્પના કરી હતી. વિશ્વની તમામ રાજકીય વ્યવસ્થાઓમાં રામ રાજ્ય શ્રેષ્ઠ માનવામાં આવે છે. આમ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાએ ફક્ત હિંદુઓ માટે નથી પરંતુ સમગ્ર વિશ્વને રાજકીય વ્યવસ્થા બાબતે માર્ગદર્શન કરશે અને આ પ્રતિષ્ઠાએ ભારતમાં રામ રાજ્યનો પાયો નાખ્યો છે.

પરંતુ, આ દિવસો લાવતા 500 વર્ષ લાગ્યા, 78 જેટલાં નાના મોટા યુદ્ધ થયા. લાખો લોકોએ બલિદાન આપ્યા છે. સૌથી દુઃખની વાતએ છે કે આઝાદી બાદ રામની સ્થાપના કરવાના બદલે રામને અછૂત બનાવી દેવામાં આવ્યા. જે રામનું નામ લે તેના પર જાત જાતના લેબલો લગાવવામાં આવતા.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રામ પ્રત્યેની નિષ્ઠા બાબતે વાત કરું તો, તેમણે રામ આંદોલન વખતે કસમ ખાધી હતી કે અયોધ્યા ત્યારે જ પાછો આવીશ જ્યારે રામ ભવ્ય મંદિરમાં હોય. અને તેમની રામભક્તિ કેટલી જુઓ કે પ્રાણ પ્રતિષ્ઠા તેમના હાથે જ થઈ.

આજે આખુ ભારત રામના રંગે રંગાયું છે. એના માટે જે જે લોકોએ બલિદાન આપ્યા છે તેમને હું નમન કરું છું અને એ બધાના બલિદાનો એળે ન જવા દેવા બદલ અને ભવ્ય રામમંદિરના નિર્માણ માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આભાર માનું છું.

જે રીતે ભગવાન રામે હજારો વર્ષનો વનવાસ ભોગવ્યો હતો એ રીતે આ દેશને પણ 70 વર્ષ સુધી વનવાસ ભોગવ્યો પડ્યો છે પરંતુ આ દેશને નરેન્દ્રભાઈ જેવા વડાપ્રધાન મળ્યા અને એમની દીર્ઘ દષ્ટિ અને સફળ નેતૃત્વથી સમગ્ર દેશ આજે અમૃતકાળમાં આત્મનિર્ભર બની વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે જેની આપણે સૌ રામરાજ્ય જેવી અનુભૂતિ કરી રહ્યા છીએ.

અંતમાં સંત તુલસીદાસ ની એક લાઈન કહીને મારી વાત પૂરી કરીશ..

तुलसी इस संसार में, भांति भांति के लोग
सबसे हस मिल बोलिए, नदी नाव संजोग

ઉપર આપેલ લાઈન નો અર્થ ફકત માહિતી માટે..

अर्थ: तुलसीदास जी कहते हैं, इस दुनिय में तरह-तरह के लोग रहते हैं, यानी हर तरह के स्वभाव और व्यवहार वाले लोग रहते हैं, आप हर किसी से अच्छे से मिलिए और बात करिए| जिस प्रकार नाव नदी से मित्रता कर आसानी से उसे पार कर लेती है वैसे ही अपने अच्छे व्यवहार से आप भी इस भव सागर को पार कर लेंगे